જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૦૨/૨૦૨૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૨૬૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી, ૧૧૬ લીટર દેશી દારૂ, ૧૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૭,૧૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૨૬૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૨૬૪/૨૦૨૬**

આનંદનગરઃ અભિષેક સ/ઓ જીતેન્દ્રકુમાર ત્રિવેદી (ઉ.વ.૩૬) (રહે. રત્નાકર એટેલીયર સનઆર્યન બેંકવેટ સામે જોધપુર ગામ સેટેલાઈટ) એ તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જોગરાજસિધ (રહે. માતે કા તાલા ચૌટન, જીલ્લા–બાડમેર રાજસ્થાન) નાઓએ ઝૂમ એપ્લીકેશનથી સેલ્ફ ડ્રાઇવ કાર રેન્ટ સર્વીસમાંથી બે દિવસ માટે તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ રત્નાકર એટીલીયર જોધપુર ગામ આનંદનગરના વિઝીટર પાર્કીંગ ખાતેથી મહીન્દ્રા કંપનીની કાળા રંગની થાર ગાડી નંબર જીજે ૦૧ ડબલ્યુડી ૬૦૯૬ કિમત રૂપિયા ૧૨,૫૦,૦૦૦/– લઇ જઇ આજદિન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી કે.એસ.પાંડોર ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૨૬૫/૨૦૨૬**

સરદારનગરઃ અમરતભાઈ ચુનીલાલ સોલંકી (ઉ.વ.૪૩) (રહે. નહેરુનગરનાં છાપરાં કુબેરનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૨/૨૦૨૬ કલાક ૦૭/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિવ્યરાજસિહ નરેન્દ્રસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી